# અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં પલટો : વાદળછાયું વાતાવરણ



મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી ભીષણ ગરમી વચ્ચે એકાએક વાતાવરણમાં પલટો આવતા આકાશે વાદળો ઘેરાતા અને હળવો પવન લહેરાતા ધોમધખતી ગરમીથી આંશિક રાહત જીલ્લાના પ્રજાજનોએ અનુભવી હતી. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આકાશે ગોરંભાયેલા વાદળો પ્રિ મોન્સૂન એક્ટિવિટી હોવાનું જણાવ્યું હતું.

મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં મંગળવારે વહેલી સવારે આકાશે વાદળો ઘેરાતા હવામાનમાં એકાએક પલટો આવતા અસહ્ય ગરમીના ઉકળાટ વચ્ચે વાતાવરણમાં ઠંડકનો અહેસાસ જિલ્લાવાસીઓએ અનુભવ્યો હતો.

સતત ૪૩ થી ૪૫ ડિગ્રી વચ્ચે શેકાતા લોકોએ રાહત અનુભવી હતી. બીજીબાજુ ઉનાળુ પાક મગફળી, બાજરી સહીત અન્ય પાક ખેતરોમાં તૈયાર થતા ખેડૂતોએ પાક લણવાની શરૂઆત કરતા જ આકાશે વાદળો ઘેરાતા ભૂમિપુત્રો ચિંતિત બન્યા છે અને વરસાદી ઝાપટા થાય તો ખેતરમાં લહેરાતો ઉભા પાક પર સંકટ તોળાઈ રહ્યું છે. બપોર બાદ સૂર્યદેવ તપતા ગરમીનું મોઝું યથાવત રહ્યું હતું. પ્રજાજનોને ગરમીથી આંશિક રાહત અનુભવી રહી હતી. જીલ્લાના પ્રજાજનો વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ત્યારે પ્રિ મોન્સૂન એક્ટિવિટી થતા જિલ્લામાં મેઘ સવારીની વહેલી પધરામણી થવાની શક્યતા પેદા થઈ છે.

## મેઘરજ તાલુકાની વાવકંપા સેવા સહકારી મંડળીમાં મરણ પામેલ ખેડૂતોના નામે

# ખોટું ધિરાણ બતાવી કરોડો રુપિયાનુ કૌભાંડ

મેઘરજ, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં વિવિધ સેવા સહકારી મંડળીઓ દ્વારા દિનપ્રતિદિન કરાતાં બોગસ ધિરાણ કૌભાંડ અંતર્ગત જીલ્લા ભરના ખેડૂતો-સભાસદોને પાર વગરની હાલાકીથી ચકચાર મચી જવા પામી છે. હમણાં તાજેતરમાં થોડાક સમય અગાઉ મોડાસા તાલુકાની ખંભીસર સેવા સહકારી મંડળીમાં ખેડૂતો-સભાસદોના નામે કરવામાં આવેલા બોગસ ધિરાણનો ભેદ ઉકેલવામાં સરકારી તંત્ર ધમપછાડા કરી હવાતિયાં મારી રહ્યું છે ત્યારે મેઘરજ તાલુકાના વાવકંપા સેવા સહકારી મંડળીના વહીવટીકર્તાઓ દ્વારા વર્ષ ૨૦૦૯માં મંડળીમાં મરણ પામેલા ખેડૂતો-સભાસદોના ખોટા બોગસ પુરાવા ઉભા કરી કરોડો રૂપિયાનુ બોગસ ધિરાણ કૌભાંડ આચરવામાં આવ્યું હતું.

ા કૌભાંડ અંતર્ગત સરકારી તંત્ર દ્વારા આજદિન સુધી યોગ્ય તપાસ હાથ નહીં ધરાતાં વાવકંપા, જલારામ કંપા, ઝાઝકંપા, ફેકરી કંપા અને જેરીયાવાડના ખેડૂતોમાં ભારોભાર રોષની લાગણીઓ પ્રવર્તી રહી છે. ખેડૂતોએ ધિરાણ ન લીધું હોવા છતા ૭/૧૨ અને ૮/અ ના ઉતારાઓમાં ખોટું તારણ બતાવાય છે અને વાવકંપા સેવા સહકારી મંડળીમાં જરૂરી ડોકયુમેન્ટ મેળવવા જતાં સભાસદો-ખેડૂતોને મંડળીના વહીવટકર્તાઓ ડોકયુમેન્ટ પુરા પાડતાં નથી અને ગેરવ્યાજબી ગેર વર્તણુંક કરતાં હોવાની વ્યાપક ફરિયાદ થવા પામી છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના વાવકંપા સેવા સહકારી મંડળીમાં મરણ પામેલા ખેડૂતો-સભાસદોના નામે થયેલા કરોડો રૂપિયાના ધિરાણ કૌભાંડ અંતર્ગત ન્યાય મેળવવા વ્યથિત સંખ્યા બંધ ખેડૂતોએ અરવલ્લી જિલ્લાના કલેકટરને આવેદનપત્ર આપી દિન-૧૦ માં ન્યાય નહિ મળે તો તમામ ખેડૂતો આત્મવિલોપન કરશે એવી ચીમકી ઉચ્ચારતા જીલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે ત્યારે હવે એ જોવું રહ્યું કે આમ જનતાના ટેકસના પૈસાથી અધધધ પગાર ધોરણ મેળવનારા સરકારી અધિકારીઓ સહિત સરકારી તંત્ર દ્વારા કરોડો રૂપિયાના બોગસ ધિરાણ અંતર્ગત કયારે અને કેવી રીતે અસરકારક રીતે હાથ ધરી રોષે ભરાયેલા ખેડૂતો-સભાસદોને સાતંવના આપી શકે છે.




# શામળાજી મંદિર અને ઈટાડી અંબાજી મંદિરે અધિકમાસ પૂનમે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું



શામળાજી, તા. ૨૯

હિન્દુ સંસ્કૃતિમાં અધિકમાસની ભક્તિનું અનેરું મહત્વ રહેલું છે. અરવલ્લી જિલ્લામાં મંગળવારે અધિકમાસની પૂનમે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે શામળિયા ભગવાનના દર્શનાર્થે અને મોડાસા તાલુકાના ઈટાડી ગામે આવેલા અને મીની અંબાજી તરીકે જાણીતા મંદિરે અંબેમાંના દર્શનાર્થે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી હતી અને પૂનમે દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ધોમધખતા તાપમાં ભક્તો માટે મંદિર પરિસરમાં મંડપની વ્યવસ્થા ગોઠવી હતી. જીલ્લાના અન્ય ધાર્મિક સ્થળોએ પણ અધિકમાસની પૂનમે દર્શન સાથે ભક્તોએ પૂજા અર્ચના કરી હતી.

# ખેડબ્રહ્મામાંથી બાલ મજૂર અને બાલ ભીક્ષુક છોડાવાયા

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા શહેરમાંથી મંગળવારે હિંમતનગરથી આવેલ ટીમે ૩ બાળ મજૂર અને ૩ બાળ ભીક્ષુકને છોડવામાં આવ્યા હતા.

સાબરકાંઠા જિલ્લા બાલ સુરક્ષા એકમ અને સ્પેશ્યલ જુવેનાઈલ પોલીસ યુનિટના અધિકારીઓએ ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર બહાર ચાંદની, મમતા, સોનલ નામની બાલ ભીક્ષુક અને બાલ મજૂરી નાબુદી અંતર્ગત સ્ટેશન વિસ્તારમા રસના કોલા ઉપર બાળ મજૂર તરીકે કામ કરતા સંજય, વીનું અને ગંગારામ નામના બાળકો મળી આવતા તેમને ચિલ્ડ્રન હોમ અને બાળકીઓને નારીગૃહમાં મોકલી આપવામાં આવ્યા હતા.

હજુ તો તપાસ કરાય તો આવા શહેર તેમજ તાલુકાના મોટા ભાગના બાળકો મજુરી કરતા મળે એમ છે.

# બનાસ ડેરી ખાતે ટ્રાફિક અવેરનેસ અંગે માહિતી અપાઈ

પાલનપુર, તા. ૨૩

એશિયાની નામાંકીત બનાસ ડેરી ખાતે કોન્ટ્રાક્ટરો અને દૂધ વાહનના ડ્રાઈવરોને ટ્રાફિક અવેરનેસ અંગે પાલનપુર તાલુકાના પી.એસ.આઈ દ્વારા માહિતી અપાઈ હતી.

પી.એસ.આઈ અશોકભાઈ પટેલે કહ્યું હતું કે વાહનના ડ્રાઈવરો સમજણપૂર્વક વાહન ચલાવે તો અનેક ગંભીર અકસ્માતો રોકી શકાય છે. ક્યારેક નાનકડી ભૂલ પણ જીવલેણ સાબિત થતી હોય છે અને તેના લીધે પરિવાર પર પણ મુશ્કેલી આવી પડતી હોય છે. વાહન ચલાવતામાં કેટલીક તકેદારી રાખીશું તો ટ્રાફિક સમસ્યા તથા ભયાનક અકસ્માત અટકાવી શકીશું. કોઈ પણ વાહન ચાલવતા હોઈએ ત્યારે પાયાના જ્ઞાન સાથે પોતાની તથા લોકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવી જરૂરી છે. હાલના સમયમાં શહેરોમાં ટ્રાફિક સમસ્યાના લીધે અનેક મુશ્કેલી ઉભી થઇ રહી છે તેના લીધે પ્રદૂષણમાં પણ વધારો થઈ રહ્યો છે.

આ કાર્યક્રમમાં કોન્ટ્રાક્ટરો અને દૂધ વાહનના ડ્રાઈવરોને ટ્રાફિક અવેરનેસ અંગે ફિલ્મ બતાવીને ટ્રાફિક સમસ્યા અને અકસ્માત અટકાવવા શું કરવું જોઈએ તેની માહિતી આપવામાં આવી હતી.

આ પ્રંસગે બનાસ ડેરીના ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેકટર કામરાજભાઈ ચૌધરી, એમ.પી વિભાગના આસી. જનરલ મેનેજર ડૉ. પ્રફુલભાઈ ભાણવડીયા, ડૉ. હરિભાઈ પટેલ, સાયગલજી અને દૂધ વાહનના ડ્રાઈવરો અને કોન્ટ્રાક્ટરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા પોલીસે ૬ જુગારી પકડ્યા

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા પોલીસે બુધવાર રાત્રીના સમયે શાળામાં જુગાર રમતા ઝડપી પડ્યા હતા.



ખેડબ્રહ્મા પોલીસના મગનભાઈ, શિવાજી, કૌશિકભાઈ વિગેરે રાત્રીના સમયે પેટ્રોલિંગ કરતા હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચંચળ બા પ્રાથમિક શાળામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે જેના આધારે પોલીસે રેડ પાડતા ત્યાં જીતેન્દ્રકુમાર રતનલાલ શાહ, દિપાભાઈ બાબુભાઈ દાંતાણી, દિનેશભાઈ બાબુભાઈ વાઘેલા, લાલભાઈ લાવજીભાઈ વાઘરી, બાબુભાઈ સલીમભાઈ લુહાર, અજય રમેશભાઈ વાઘરી ચંચળ બા પ્રાથમિક શાળા પાસેના લોકો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

જેમની પાસેથી ૧૦૭૨૦ રોકડા રૂપિયા, પેશન પ્લસ મોટર સાયકલ ન. જી.જે.૧૮.એસી.૮૭૮૬ કિંમત ૨૦૦૦૦, પેશન પ્રો. મોટર સાયકલ ન. જી.જે.૯.સિયું.૫૫૩૫ કિંમત ૨૫૦૦૦ મલી કુલ ૫૫૭૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલ હવાલે કરી દેવામાં આવ્યા હતા.

# મોડાસામાં યુજીવીસીએલ કચેરીએ લાઈટબીલ ભરવા આવતા ગ્રાહકો પરેશાન

સાકરીયા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં આવેલી યુજીવીસીએલ કચેરીએ મોટી સંખ્યામાં ગ્રાહકો બીલ ભરવા ખરા તાપમાં આવતા હોય છે. આ ગ્રાહકોને સગવડ પુરી પાડવામાં મીંડુ છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લાઈનમાં ઉભા રહી ધોમધખતા તાપમાં બબ્બે કલાક સુધી ઉભા રહેવાનુ થતુ હોય છે. પરંતુ તેમના માટે શેડની પુરી વ્યવસ્થા નથી, તદ્ઉપરાંત પંખા કે ઠંડા પાણીની બિલકુલ વ્યવસ્થા નથી.

મોડાસા નગરની યુજીવીસીએલ કચેરીએ મોડાસા નગર તથા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં વીજધારકો લાઈટબીલ ભરવા આવતા હોય છે. આ કાળઝાળ ગરમીમાં લાંબી લાઈનોમાં બે બે કલાક સુધી ઉભા રહેવાનું થતુ હોય છે. વીજગ્રાહકો માટે બેસવાની પણ કોઈ વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરાઈ નથી. શેડ પણ નાનો હોય બીજા લોકોને બહાર ખુલ્લામાં ઉભા રહેવુ પડતુ હોય છે. ખાસ વૃદ્ધ મહિલાઓ અને નાના બાળકો સાથે આવતી મહિલાઓ હેરાન પરેશાન થઈ જાય છે. આના કારણે લોકોમાં રોષ જોવા મળેલ છે.

યુજીવીસીએલના અધિકારીઓ એસી ઓફિસમાં નિરાંતે બેઠા હોય છે. જ્યારે લાખોની આવક રળી આપતી પ્રજા માટે કોઈજ સગવડ નહિ. આ અંગે તંત્ર દ્વારા સત્વરે પુરતી વ્યવસ્થા કરી રાહત અપાય તેવી લોક લાગણી પ્રબળ બનેલ છે.

## અરવલ્લી જીલ્લા ભાજપ મહિલા મોરચાએ

# ધારાસભ્ય વીરજી ઠુમ્મરના પૂતળાને લાકડીથી ઠમઠોર્યું



મોડાસા, તા. ૨૯

કોંગ્રેસના ધારાસભ્ય વિરજી ઠુમ્મરે હાર્દિક પટેલની પાટીદાર મહાપંચાયત સભામાં ગુજરાત ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણીની માતા પર કરેલ ટીપ્પણીનો વિવાદ વકરતા રાજ્યમાં ઠેર ઠેર વીરજી ઠુમ્મરના પૂતળાનું દહન કરવાની સાથે વિરોધ પ્રદર્શન કરતા રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

અરવલ્લી જિલ્લામાં પણ જીલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા મોડાસા ભાજપ કાર્યાલય આગળ વીરજી ઠુમ્મરનાં પૂતળાને ચપ્પલનો હાર પહેરાવી જૂતા અને લાકડી વડે માર મારી ઠમઠોળી વિરોધ પ્રદર્શન કરી ગુજરાતની સમગ્ર માતૃશક્તિનું અપમાન ગણાવી માતૃશક્તિની માફી માંગે અને માતા બહેનો અને મહિલાઓનું ક્યારેય અપમાન નહિ કરે તેની ખાતરીની માંગ કરી હતી. વિરોધ પ્રદર્શનમાં જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ જલ્પા બેન ભાવસાર, મહામંત્રી લલિતબેન પટેલ સહીત જીલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



હિંમતનગરની યુરોકિડ મેરીલેન્ડ સ્કૂલને તાજેતરમાં યુરોકિડ્સ ૨૦૧૮નો શ્રેષ્ઠતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ઉપરાંત ૩૮ સેન્ટરોના સંચાલકોને વિવિધ પ્રકારના એવોર્ડ એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા.

# પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈનું ગૌરવ

ટીંટોઈ, તા. ૨૯

એસ.એસ.સી. પરીક્ષા ધોરણ-૧૦નું બોર્ડનું પરીણામ જાહેર થતાં શ્રી ટીંટોઈ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનું પરીણામ જાહેર થતાં પ્રથમ માનસી અશોકભાઈ ચૌધરી ૮૨.૫૦ ટકા, બીજા ક્રમે ધારા સતિષભાઈ ચૌધરી ૮૧.૩૩ ટકા, ત્રીજા ક્રમે સિદ્ધાર્થ રાજેશભાઈ સગર ૮૦.૩૩ ટકા, ચોથા ક્રમે બે વિદ્યાર્થીની સબિહા બાંડી તથા નિમિષા ચૌહાણ ૭૯.૮૩ ટકા તેમજ પાંચમા ક્રમે મૈત્રી પંચાલ ૭૮.૬૬ ટકા મેળવી ઉત્તીર્ણ થયાં હતા. ટીંટોઈ શાળાનું પરિણામ ૮૪.૫૧ ટકા તથા ટીંટોઈ કેન્દ્રનું પરીણામ ૭૪.૬૯ ટકા આવ્યુ હતુ.

સંસ્થાના પ્રમુખ મનોજકુમાર ભટ્ટ, ચેરમેન પ્રહલાદસિંહજી ચંપાવત (ટોમબાપુ), માનદમંત્રી સલિમભાઈ બાકરોલીયા, ખજાનચી વિષ્ણુભાઈ મુખી તથા આચાર્ય વિજયકુમાર ભટ્ટ તેમજ તમામ હોદ્દેદારો, સભ્યો, અભ્યાસ કરાવતા શિક્ષકો તેમજ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ હવે પછીનો ઉચ્ચ અભ્યાસ કરી સારૂ પરીણામ લાવી ઉચ્ચ કારકિર્દી હાંસલ કરે અને સમાજમાં નામના કેળવે અને સંસ્થાનું નામ રોશન કરે તેવી તમામને શુભેચ્છા પાઠવી હતી.

# ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સની વિદ્યાર્થિનીઓ ધો.૧૦માં ઝળકી

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મામાં આવેલ ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સની વિદ્યાર્થિનીઓ ધોરણ ૧૦માં ઉત્તમ પરિણામ મેળવ્યુ હતું જેમાં પટેલ વિલ્સુ ભદ્રેશભાઈ ૯૯.૫૦ પી.આર સાથે પ્રથમ આવેલ જ્યારે નંદની દિનેશભાઈ પટેલ ૯૮.૨૦ પી.આર સાથે બીજા અને ભૂમિકા ગનજીભાઈ પટેલ ત્રીજા સ્થાને રહી હતી, જ્યારે શાળાના ૪૫ બાળકોમાંથી ૪૩ બાળકો પાસ થઈ શાળાનું નામ રોશન કર્યું હતું જે બદલ શાળાના ટ્રસ્ટી ગોપાલભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, આચાર્ય અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનદન પાઠવ્યા હતાં.

# બોલુંદરા કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળાનું ધો.૧૦નું ૧૦૦ ટકા પરિણામ

મોડાસા, તા. ૨૯

મોડાસા તાલુકાના બોલુંદરા કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળાનું આ વર્ષે પણ ધો.૧૦નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. આ વિસ્તારની એકમાત્ર આ સંસ્કૃત પાઠશાળાની શિક્ષણની ગુણવત્તા ઉપરાંત સારું મેરીટ સાથે છાત્રો ઉત્તીર્ણ થતા આશ્રમના અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસ અને પાઠશાળાના પ્રિન્સિપાલે છાત્રોને અભિનંદન પાઠવ્યા હતા. આ પાઠશાળામાં ૭ વર્ષમાં ૭૦થી વધુ છાત્રો અહીં વેદાભ્યાસ કરી ઉત્તીર્ણ થયા છે.

# તત્વ ઈજનેરી કોલેજ દ્વારા 'તત્વ જલધારા'

મોડાસા, તા. ૨૯

તત્વ ઈજનેરી કોલેજ મોડાસા ખાતે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર પ્રો. જયદત્તસિંહ પુવારના દિશા નિર્દેશથી આજરોજ તા. ૨૨-૫-૧૮ના દિવસે 'તત્વ દલધારા' અંતર્ગત તત્વ કોલેજના મુખ્ય દ્વાર આગળ ઉનાળાની કાળઝાળ ગરમીમાં આવતા જતા રાહદારીઓ માટે આરઓ ફીલ્ટરના ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમના જણાવ્યા પ્રમાણે મોડાસા-શામળાજી રોડ પર ગામડાઓમાંથી આવતા નાગરીકોની સંખ્યા ઘણી વધારે હોય છે તેમજ અરવલ્લી જિલ્લા સેવા સદનની કચેરીઓમાં આવતા નાગરીકો માટે પણ આ વ્યવસ્થા તત્વ ઈજનેરી માટે આશીર્વાદરૂપ નીવડશે તેવી આશા વ્યક્ત કરી હતી. સંસ્થાના ઉપપ્રમુખ પ્રભુદાસભાઈ, રસિકભાઈ અને સેક્રેટરી ધર્મેન્દ્રભાઈ તેમજ ટ્રસ્ટી મનહરભાઈ, મહેન્દ્રભાઈ આ પ્રકારની સેવા ઉપલબ્ધ કરાવવા બદલ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર પ્રો. જયદત્તસિંહ પુવારનો આભાર વ્યક્ત કરી આ પ્રકારની ઉમદા સેવા ઉપલબ્ધ કરાવવા બદલ અભિનંદન આપ્યા હતા.





# આવતીકાલે ડીસા તાલુકાના સાવિયાણા ખાતે જળ સંચય અભિયાનનો સમાપન સમારોહ યોજાશે

પાલનપુર, તા. ૨૯

ગુજરાતમાં પાણીના પ્રશ્નનું કાયમી નિરાકરણ લાવી શકાય તથા ખેડૂતોને વધુમાં વધુ સિંચાઈનો લાભ મળે તે માટે વરસાદના વહી જતા પાણીને તળાવો, જળાશયો, ચેકડેમો, ખેતતલાવડીઓ વગેરેમાં રોકીને વિરાટ પ્રમાણમાં જળસંગ્રહ કરવા સરકારશ્રી દ્વારા તા. ૧ મે થી ૩૧ મે સુધી હાથ ધરાયેલ સુજલામ સુફલામ જળસંચય અભિયાન આવતીકાલ તા.૩૧ મે ના રોજ સંપન્ન થશે.

બનાસકાંઠા જિલ્લામાં સમાપન સમારોહ આવતીકાલ તા.૩૧ મે ના રોજ ડીસા તાલુકાના સાવિયાણા ખાતે મહાનુભાવો અને જંગી જનમેદનીની ઉપસ્થિતીમાં યોજાશે. આ સમાપન સમારોહના સુદઢ આયોજન માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ અંગે કલેકટરના અધ્યક્ષસ્થાને અધિકારીઓ સાથે બેઠક પણ યોજાઈ હતી જેમાં સમાપન સમારોહને લગતી દરેક બાબતોની ચર્ચા વિચારણા કરી કલેકટરે અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.



# ખેડબ્રહ્મા અંબિકા માતાજીના મંદિરમાં અન્નકૂટ ધરાવાયો

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા મીની અંબાજી તરીકે ઓળખાતા યાત્રાધામ અંબિકા માતાજી મંદિરમાં પુરસોત્તમ માસની પૂનમે માણસાથી આવતા સંઘે માતાજીને અન્નકૂટ ધરાયો હતો. અન્નકૂતના દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. પૂનમે દર્શન કરવા લોકોની લાઈન લાગી હતી. ગરમી હોવા છતાં લોકો મોટી સંખ્યામાં મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.